# ખંભાત નગરપાલિકા – ખંભાત
## ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની
## કલમ ૪૫ (ડી) તળેનો આદેશ

આદેશાત્મક હુકમ નંબર :૦૭/તારીખ.૨૭–૦૭–૨૦૨૨

ઉપરોકત રીર્પોટ વંચાણે લેતા સેનીટેશન વિભાગના હસ્તકના જેટીંગ મશીનની પ્રેશરપાઈપ વારંવાર ફાટી જવાથી ત્રણ સાંધા કરેલ છે. અને હાલની પરિસ્થિતીએ બે –ત્રણ જગ્યાએ પાઈપ નબળો પડી ગયેલ હોય જે કર્મચારીઓ કામ કરે તેઓને જોખમ રહેલ છે. અને હાલ ચોમાસાની સીઝન હોવાથી ગટરોની ફરીયાદો ખુબ જ આવતી હોય સત્વરે પ્રેસર પાઈપ ખરીદવાની થતી હોય ટેલીફોનીક ભાવો મંગાવતા ત્રણ ભાવો આવેલ છે. જેમાં સૌથી ઓછા ભાવ શ્રી હરસિધ્ધી એન્ટરપ્રાઈઝ–અમદાવાદના ભાવ રૂા.૯૯,૯૪૬/– આવેલ હોય સદર પ્રેશર પાઈપ તાકીદના ધોરણે ખરીદ કરવા તથા તેનો ખર્ચ નગરપાલિકાના જનરલ ફંડમાંથી કરવા ચીફ ઓફીસરશ્રીને મંજુરી આપવામાં આવે છે. તથા તે માટે તેઓને અધિકુત કરવામાં આવે છે.

સહી. કે.એચ.ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

# <u>ખંભાત નગરપાલિકા,ખંભાત</u>

## ગુજરાત નગરપાલિકા અધિનીયમ એકટ ૧૯૬૩ની કલમ ૪૫(ડી)તળેનોઆદેશ
## આદેશ ક્રમાંકઃ ૦૮/તારીખ.૦૧–૦૮–૨૦૨૨

ગુજરાત નગરપાલિકા અધિનીયમ ૧૯૬૩ની કલમ ૪૫(ડી)તળે મળેલ સત્તાની રૂઈએ આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આવશ્યક સેવાના ભાગ રૂપે તથા ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખી તથા કામની અગત્યતા ને ધ્યાનમાં રાખી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ કોઈ આકસ્મિક બનાવ ન બને અને કોઈ જાન હાની ન થાય તેમજ નગરજનોની સુરક્ષાને ધ્યાનમાં લઈ તાકીદે ૨૦૦૦–૦૦નંગ ઈંટો તથા પુરણી ના પ્રમુખશ્રી ના લેખીત આદેશ અનુસાર તાત્કાલીક રૂબરૂ એજન્સીઓ પાસેથી ભાવો લઈ સરખામણી પત્રક બનાવી સરખામણી પત્રક જોતા સૌથી ઓછા ભાવ નારણભાઈ દલાજીભાઈ વણઝારા નાં ૧૦૦૦–૦૦નંગના ૫૫૦૦/–અંકે રૂપીયા પાંચ હજાર પાંચસો પુરા અને પુરણીનાં ૧–૦૦ ટ્રેકટરનાં ૩૦૦/–અંકે રૂપીયા ત્રણસો પુરા આવેલ છે.તો તેઓ પાસે થી જરૂરીયાત મુજબ ઈંટો તથા પુરણી મંગાવવા તથા તે અંગેનો થતો ખર્ચ જનરલ ફંડમાથી કરવા પ્રમુખશ્રી તથા ચીફ– ઓફિસરશ્રીને અમલવારી કરવા સત્તા આપવામાં આવેછે તથા જે માટે તોઓને અધિકૃત કરવામાં આવે છે.

સહી. કે.એચ.ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા,ખંભાત

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) તળેનો આદેશ

### આદેશ ક્રમાંક : ૦૯ / તારીખ. ૨૩/૦૮/૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) તળે મળેલ સત્તાની રૂએ આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત શહેરની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આવશ્યક સેવાના ભાગરૂપે તથા ચોમાસાની સિઝન અને કામની અગત્યતાને ધ્યાનમાં રાખી તેમજ નગરજનોની સુરક્ષાને ધ્યાને લઈ માણેકચોક વિસ્તારમાં ગટરલાઈન બદલવાના કામે HD P.V.C. પાઈપ ૨૫૦ એમ.એમ.ડાયાની નંગ–૬ તથા ૨૦૦ એમ.એમ.ડાયાની નંગ–૧૦ મે.પ્રમુખશ્રીના લેખિત આદેશ અનુસાર તાત્કાલિક સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવતા તથા આવેલ ભાવોનું સરખામણી પત્રક બનાવતા શ્રી જય ખોડલ, કલોદરા ચોકડીના ભાવો (૧) HD P.V.C. પાઈપ ૨૫૦ એમ.એમ.ડાયા એક નંગના રૂા.૩૫૦૦/– તથા (૨) ૨૦૦ એમ.એમ.ડાયા એક નંગના રૂા.૧૯૫૦/– પ્રમાણે સૌથી ઓછા ભાવો આવેલ હોઈ જે ખરીદી કરવા અને તે અંગેનો ખર્ચ કરવા મંજુર.

સહી. કે. એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>**

**<u>પ્રમુખશ્રી ૪૫(ડી) ઠરાવ નં.૧૦</u>**

**<u>તારીખ.૨૧–૦૯–૨૦૨૨</u>**

ખંભાત નગરપાલીકાના માંદળાબાગ પંપહાઉસથી ડાયરેકટ સપ્લાય થાય છે. સદર પાણી પુરવઠો ૨૫૦ મી.મી. ડાયામીટરની પાઈપ લાઈન બોરવેલની અંદર તુટીને ભંગાર પડેલ હોઈ તાત્કાલીક રીપેરીંગ કરાવવા જરૂરી છે. આ બાબતે પાણીનો પુરવઠો જળવાઈ રહે તથા પાણી નીયમીત મળી રહે તે હેતુસર સદર બોરવેલની પાઈપ લાઈન રીપેરીંગ કરાવવી લેવી હિતાવહ છે. જેથી માંદળાબાગ પંપહાઉસથી બોરવેલની લાઈન ૨૫૦ મી.મી. ડાયામીટરની પાઈપ માલસામાન મજુરી સાથે ૩૦૦ ફુટ ફીટીંગ કરવાની કામગીરીના અનુભવી એજન્સી પાસેથી ભાવપત્રક મંગાવતા ત્રણ પાર્ટીઓના ભાવો આવેલ. આ બાબતે ત્રણ ભાવ પત્રકો પૈકી ભગવતી એન્જીનીયરીંગ વર્કસ – રૂપિયા ભાવ ૧,૭૮,૫૦૦/–(અંકે રૂપિયા એક લાખ ઈઠયોતેર હજાર પાંચસો પુરા) પ્રમાણે સૌથી ઓછા પ્રમાણે આવેલ છે. સદર કામગીરીમાં આ બાબતે વધુમાં જણાવવાનું કે સદર પાઈપ લાઈન નગરપાલીકા ના હયાત સ્ટાફથી થઈ શકે તેમ નથી તેમજ ખંભાત શહેરમાં સદર કામગીરી બહારના માણસોથી કરાવવા તથા ઈનલેટ લાઈન ૨૫૦ મી.મી. ડાયામીટરની પાઈપ માલસામાન મજુરી સાથે ફીટીંગ કરવાની કામગીરીના અનુભવી એજન્સી પાસેથી કામગીરી કરવાની છે. આમ, આ અંગે ભગવતી એન્જીનીયરીંગ વર્કસ – રૂપિયા ભાવ ૧,૭૮,૫૦૦/–(અંકે રૂપિયા એક લાખ ઈઠયોતેર હજાર પાંચસો પુરા)પ્રમાણેના ભાવ તથા ખર્ચ મંજુર કરવામાં આવે છે.

**સહી. કે. એચ. ગાંધી**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**ખંભાત નગરપાલિકા – ખંભાત**
**ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની**
**કલમ ૪૫ (ડી) તળેનો આદેશ**

આદેશાત્મક હુકમ નંબર : ૧૧ / તા.૨૮– ૦૯–૨૦૨૨

ઉપરોકત રીપૉટ વંચાણે લેતા વર્મી કંમ્પોસ્ટ પ્લાન્ટમાં ઘન કચરાના નિકાલ અર્થે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ધ્વારા N.O.C. મેળવેલ જેનો સમયગાળો પૂર્ણ થઈ જતા N.O.C. રિન્યુ કરવાની થાય છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ધ્વારા વારંવાર નોટીસ પણ આપવામાં આવેલ છે. જેથી સદર પ્લાન્ટ કાર્યરત કરવા GPCB N.O.C. રિન્યુ કરવા ફી રૂા.૭,૫૦૦/– ભરવાની થતી હોય સદર ખર્ચ નગરપાલિકાના જનરલ ફંડમાંથી કરવા ચીફ ઓફીસરશ્રીને મંજુરી આપવામાં આવે છે. તથા તે માટે તેઓને અધિકુત કરવામાં આવે છે.

સહી. કે. એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા